# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૧૧/૦૬/૨૦૨૨

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# રિઝર્વ બેંકના ગુજરાત રિજીયોનલના અધિકારીઓ દ્વારા બેન્કીંગ પ્રશ્નો મામલે એમએસએમઇ ઉદ્યોગકારો સાથે બેઠક

## ચેમ્બરના પ્રેસિડેન્ટ ઇલેકટ હિમાંશુ બોડાવાલા દ્વારા એમએસએમઇ સંબંધિત મહત્વના પ્રશ્નોની રજૂઆત કરાઇ, અધિકારીઓ તરફથી સકારાત્મક પ્રતિભાવ મળ્યો

**સુરત.** રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની ગુજરાત રિજીયોનલ ઓફિસના અધિકારીઓ દ્વારા શુક્રવાર, તા. ૧૦ જૂન, ૨૦૨૨ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે હોટલ ઓરેન્જ મેગા સ્ટ્રકચર, મગદલ્લા સર્કલ, ડુમસ રોડ, સુરત ખાતે બેંકરો તથા ઉદ્યોગકારો સાથે એમએસએમઇ ઉદ્યોગોના પ્રશ્નો સંદર્ભે એક મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સરકારી બેંકો તથા કો–ઓપરેટીવ બેંકના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તરફથી ચેમ્બરના પ્રેસિડેન્ટ ઇલેકટ હિમાંશુ બોડાવાલા હાજર રહયા હતા અને તેમણે નીચે મુજબના મહત્વના પ્રશ્નો અંગે અધિકારીઓ સમક્ષ રજૂઆત કરી હતી.

- હાલમાં બેંકો દ્વારા સીસી લોન અન્ય બેંકમાં ટ્રાન્સફર કરવામાં આવે છે ત્યારે ૨ ટકા ટ્રાન્સફર ચાર્જિસ લગાવવામાં આવે છે. આને નાબૂદ કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

- કેન્દ્ર સરકારની સીજીટીએમએસસી લોન અને ઇન્ટરેસ્ટ સબવેન્શન સ્કીમને યુનિફોર્મલી અમલમાં લાવવામાં આવે તે અંગે રજૂઆત કરાઇ હતી.

- હાલમાં ડિજીટલ ટ્રાન્ઝેકશન વધી રહયા છે અને ભારત સરકાર પણ ડિજીટલ પેમેન્ટ કરવાનો આગ્રહ રાખી રહી છે એવા સંજોગોમાં ડિજીટલ પેમેન્ટનો જે ખર્ચ લાગે છે એ ઘણો ઉંચો હોય છે. જેને કારણે ઘણા રિટેલર તેઓના ત્યાં ક્રેડીટ કાર્ડથી પેમેન્ટ લેવાની સિસ્ટમ ચાલુ કરી શકતા નથી. આથી ડિજીટલ ટ્રાન્ઝેકશનનો કોસ્ટ ઘટાડવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

- રિટેલ એમએસએમઇને ક્રેડીટ રેટીંગ ક્રાઇટેરીયામાં આંશિક છુટ આપવાની માંગ કરવામાં આવી હતી.

- છેલ્લા ઘણા વખતથી ટ્રાવેલ એજન્ટો ફોર્મલ બેન્કીંગ ચેનલમાં આવી શકયા નથી. કારણ કે, તેઓને એમએસએમઇ ગણવામાં આવતા નથી. આ ઉપરાંત લોન માટે તેઓ નેગેટીવ સેકટરમાં ગણાય છે. આથી ટ્રાવેલ એજન્ટની વ્યાખ્યા સ્પષ્ટ કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

ઉપરોકત બેઠકમાં ચેમ્બર દ્વારા કરવામાં આવેલી રજૂઆત સંદર્ભે અધિકારીઓ તરફથી સકારાત્મક પ્રતિભાવ જોવા મળ્યો હતો.